# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી લડાઇ : એનસીપીના જયંત બોસ્કીએ છેલ્લી ઘડીએ ઉમેદવારી માંડી વાળતાં ચૂંટણીમાં વળાંક આવ્યો

# ઉમરેઠની '3 એક્કા'વાળી બેઠક માટે બે 'બાદશાહ'વચ્ચે જંગ

## કોંગ્રેસ દ્વારા ભૃગુરાજસિંહ ચૌહાણને મેદાનમાં ઉતારાયાં

**ઉમરેઠ તાલુકા** પંચાયતમાં સતત 3 ટર્મ પ્રમુખ રહી ચુક્યા છે

(પ્રતિનિધિ) આણંદ તા.4

ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપના હર્ષદ પરમાર સામે કોંગ્રેસે પણ સિનિયર એવા ભૃગુરાજસિંહ ચૌહાણને ટિકિટ આપી છે. આમ, આ ચૂંટણી હવે રસાકસી ભરી થાય તેવા એંધાણ જોવા મળી રહ્યાં છે. ઉમરેઠના અહિમા ગામમાં રહેતા ભૃગુરાજસિંહ ચૌહાણ તાલુકા પંચાયતમાં પ્રમુખ રહી ચુક્યા છે. જેના કારણે ગ્રામ્ય વિસ્તારમાં તેમનું વર્ચસ્વ વધુ છે. આ ઉપરાંત 62 વર્ષિય ભૃગુરાજસિંહ હાલ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટિમાં સેન્ટ્રલ ઝોનના કો-ઓર્ડિનેટર છે. આ પહેલા તેઓ પ્રદેશ પ્રતિનિધિ તરીકે વર્ષ 2020થી 2025 રહી ચુક્યાં છે. તેવી જ રીતે નડિયાદ, મહુધા, ઠાસરા, ગળતેશ્વર વિધાનસભામાં ઈન્ચાર્જ છે. તે પહેલા મોરવા હડફ વિધાનસભાની પેટા ચૂંટણી 2020માં પણ ઈન્ચાર્જ રહી ચુક્યા છે. તેઓ તાલુકા પંચાયતમાં પ્રમુખ તરીકે વર્ષ 2000થી 2015 સુધી દોઢ દાયકા રહ્યાં છે. તેઓ મહિકાઠા વિકાસ મંચમાં પ્રમુખ તથા અખિલ ગુજરાત ક્ષત્રિય મંચમાં સેક્રેટરી પણ છે. આ ચૂંટણીમાં તેમની ઉમેદવારીથી ભાજપ - કોંગ્રેસનો સીધો જંગ છેડાયો છે.



## ભાજપમાંથી હર્ષદ પરમારે ઉમેદવારી કરી

**આશરે 1.44** કરોડની મિલકત ધરાવતાં હર્ષદ પરમારે ડિપ્લોમા ઇન જર્નાલીઝમ સુધી અભ્યાસ કર્યો છે

(પ્રતિનિધિ) ઉમરેઠ, તા.4

આણંદની ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણીમાં શનિવારના રોજ ભાજપના ઉમેદવાર હર્ષદ પરમારે શક્તિ પ્રદર્શન સાથે ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. આ ફોર્મ ભરતા સમયે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, આઈ.કે. જાડેજા સહિતના મહાનુભાવો હાજર રહ્યાં હતાં.

ઉમરેઠ વિધાનસભાના ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારના નિધન બાદ ખાલી પડેલી જગ્યા પર તેમના પુત્ર હર્ષદ પરમારને પેટા ચૂંટણીના ઉમેદવાર માટે



ભાજપ દ્વારા મેન્ટેડ આપવામાં આવ્યું છે. જે અંતર્ગત શનિવારના રોજ હર્ષદ પરમારે ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. આ પહેલા જંગી રેલી યોજાઇ હતી. બાદમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, સાંસદ મિતેષભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ સંજયભાઈ પટેલ સહિતના મહાનુભાવોની હાજરીમાં ચૂંટણી અધિકારીને ઉમેદવારી પત્ર રજુ કર્યાં હતાં. હર્ષદભાઈએ કુલ 4 ઉમેદવારી પત્ર ભર્યાં છે.

આ ઉમેદવારીપત્રમાં રજુ કરેલી એફિડેવિટ મુજબ હર્ષદભાઈ પટેલ ખેતી અને પશુપાલન કરે છે અને તેમની પાસે કુલ 1.44 કરોડની સ્થાવર અને જંગમ મિલકત છે. તેઓની ઉંમર 41 વર્ષની છે અને તેઓએ રાષ્ટ્રિય મુક્ત વિદ્યાલય શિક્ષણ સંસ્થામાંથી ધો.12 પાસ અને વર્ષ 2022માં સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી ડિપ્લોમા જર્નાલીઝમ સુધી અભ્યાસ કર્યો છે. તેમની પાસે રોકડ 5 લાખ અને તેમના પત્ની પાસે રૂ. બે લાખ હાથ ઉપર છે. આ ઉપરાંત બેંકમાં 19.48 લાખ અને 5.27 લાખ અને તેમના પત્નીના બેંક એકાઉન્ટમાં રૂ.15.79 લાખ છે. તેવી જ રીતે 37 લાખની લક્ઝુરિયસ કાર છે. જે તેઓએ વર્ષ 2018માં ખરીદી હતી. જ્યારે તેમના અને પત્ની પાસે મળી કુલ પાંચ તોલા સોનું છે. આમ, કુલ 69.66 જંગમ મિલકત છે. તેવી જ રીતે સ્થાવર મિલકતમાં ચિખોદરા, બેડવા ગામમાં કૃષિની જમીન અને રહેઠાણ અને વાણિજ્યક મકાન આવેલા છે. આમ, કુલ 1.44 કરોડ જેવી સ્થાવર અને જંગમ મિલકત ધરાવે છે.

## ઉમરેઠ બેઠક પર 3 ઉમેદવારે 6 જેટલા નામાંકન પત્રો ભર્યા

**અત્યાર** સુધીમાં 17 અરજદારે 42 ફોર્મ મેળવ્યા

(પ્રતિનિધિ) આણંદ તા.4

ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટેની પ્રક્રિયા વેગવંતી બની છે. આગામી 23મી એપ્રિલના રોજ યોજાનાર મતદાન માટે શનિવારના રોજ 3 ઉમેદવાર દ્વારા કુલ 6 ઉમેદવારી પત્રો રજૂ કરવામાં આવ્યા છે.

ઉમરેઠના ચૂંટણી અધિકારી અને જિલ્લા પુરવઠા અધિકારી દ્વારા 30મી માર્ચના રોજ પ્રસિદ્ધ કરાયેલી નોટિસ અન્વયે મૌલિકકુમાર વિનોદચંદ્ર શાહ (ભારતીય નેશનલ જનતા દળ), હર્ષદભાઈ ગોવિંદભાઈ પરમાર (ભારતીય જનતા પાર્ટી), વિમલકુમાર કાંતીલાલ પટેલ



(ભારતીય જનતા પાર્ટી)એ ફોર્મ ભર્યાં હતાં.

પ્રાપ્ત વિગતો મુજબ, અત્યાર સુધીમાં કુલ 17 અરજદાર દ્વારા 42 ઉમેદવારી પત્રો મેળવવામાં આવ્યા છે. જાહેર રજાના દિવસો સિવાય, ઉમેદવારો છઠ્ઠી એપ્રિલ, 2026, સોમવારના રોજ સવારે 11થી બપોરે 3 કલાક સુધી ઉમેદવારી પત્રો ભરી શકશે. આ ફોર્મ મામલતદાર કચેરી, ઉમરેઠ ખાતે ચૂંટણી અધિકારી અથવા મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા સ્વીકારવામાં આવશે.

---

### ડાકોરના યુવકે વડોદરામાં ડોક્ટરોના પ્રોગ્રામના બહાને મોંઘાભાવના કેમેરા પડાવી લીધા

# લુણાવાડામાં ફોટોગ્રાફર્સ સાથે 18.55 લાખની છેતરપિંડી થઇ

**વડોદરાના શખ્સે** વિશ્વાસ જીતવા હોસ્પિટલોમાં શૂટિંગ કરાવી 11 કિંમતી કેમેરા પડાવ્યા

(પ્રતિનિધિ) લુણાવાડા તા.4

લુણાવાડામાં ફોટોગ્રાફીના વ્યવસાય સાથે જોડાયેલા યુવાનોને નિશાન બનાવી લાખોની છેતરપિંડી આચરવામાં આવી છે. વડોદરાના એક શખ્સે ડોક્ટરોના કાઉન્સિલિંગ પ્રોગ્રામના નામે લુણાવાડાના ફોટોગ્રાફર્સ પાસેથી 14.44 લાખની કિંમતના 11 કેમેરા ભાડે લઈ, ભાડાની રકમ સહિત કુલ 18.55 લાખથી વધુની છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે, જે અંગે લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

લુણાવાડાના ફોટોગ્રાફર અરુણકુમાર માછીનો ઓગસ્ટ 2025માં વડોદરાના હિતેશ ગીરીશભાઈ તળપદા નામના શખ્સે સંપર્ક કર્યો હતો. તે સમયે વડોદરાના લક્ષ્મી વિલાસ પેલેસ ખાતે ડોક્ટરોના મોટા પ્રોગ્રામ માટે કેમેરામેન અને કેમેરાની જરૂર હોવાનું જણાવી વિશ્વાસ કેળવ્યો હતો. વિશ્વાસ મજબૂત કરવા માટે હિતેશે શરૂઆતમાં સાવલી અને મહેસાણાની હોસ્પિટલોમાં ડોક્ટરોના ઈન્ટરવ્યુ પણ લેવડાવ્યા હતા. ત્યારબાદ, 'દૂરના લોકેશન પર શૂટિંગ છે' તેમ કહી અરૂણકુમાર અને તેમના મિત્રો પાસેથી વિવિધ કંપનીના કુલ 11 મોંઘા કેમેરા કિંમત રૂ.14.44 લાખ ભાડે લીધા હતા. જ્યારે ફોટોગ્રાફર્સે કેમેરા અને બાકી નીકળતા ભાડાના 4,11,300ની ઉઘરાણી કરી, ત્યારે આરોપીએ બહાનાબાજી શરૂ કરી હતી. આરોપીએ 300ના સ્ટેમ્પ પેપર પર સમજૂતી કરાર કરી કોટક મહિન્દ્રા બેંકના ચેક આપ્યા હતા, પરંતુ તે તમામ ચેક બેંકમાં બાઉન્સ થયા હતા.

આખરે છેતરપિંડીનો અહેસાસ થતા અરૂણકુમાર તુરંત હિતેશ તળપદાના વતન ડાકોર ખાતે તેના પિતાના સ્ટુડિયો પર તપાસ કરવા ગયા હતા. ત્યાં જાણવા મળ્યું હતું કે, તેના પિતાએ તેને બે વર્ષથી ઘરમાંથી કાઢી મૂક્યો છે અને તેમની સાથે કોઈ સંબંધ નથી. અંતે કોઈ રસ્તો ન જણાતા, અરુણકુમાર અને અન્ય ભોગ બનનારા મિત્રોએ હિતેશ તળપદા સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## તારાપુરમાં ઓઈલ ચોરી કરતો કર્મચારી ઝડપાયો

(પ્રતિનિધિ) આણંદ, તા.4

તારાપુરની ખાનગી કંપનીનો કર્મચારી ઓઈલ ચોરી કરતાં રંગેહાથ પકડાયો હતો.

તારાપુરના ખાખસર સ્થિત સન પેટ્રોકેમિકલ્સમાં સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન કંપનીનો હેલ્પર ઓઈલની ચોરી કરતા રંગેહાથ પકડાયો હતો. આ તપાસ દરમિયાન સ્થળ પરથી 20 લિટર ક્રૂડ ઓઈલ, 10 લિટર ડીઝલ અને તેલ કાઢવા માટેની પાઈપો મળી આવી હતી. પકડાયેલા કર્મચારી મહેન્દ્ર મકવાણાએ પિતાની બીમારીનું બહાનું કાઢી માફી પત્ર લખ્યું હતું, તેમ છતાં કંપનીએ કાયદેસરની કાર્યવાહી કરી છે. તારાપુર પોલીસે કંપનીના એચ.આર. મેનેજરની ફરિયાદના આધારે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

### ખેડા જિલ્લા પોલીસ વડાએ વહીવટી સુધારો લાવવા બદલીનો ગંજીપો ચીપ્યો

# ખેડા જિલ્લાના 12 પોલીસ ઈન્સ્પેક્ટરની સામુહિક બદલી

**લીવ રિઝર્વમાં** રહેલા અધિકારીઓને મેદાનમાં ઉતારાયા

(પ્રતિનિધિ) નડિયાદ તા.4

ખેડા જિલ્લાના 12 જેટલા બિન-હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટરોની (PI) એકસાથે બદલી કરવામાં આવતા પોલીસ આલમમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે.

મહત્વના પોલીસ મથકોમાં નવી નિમણૂક લાંબા સમયથી જિલ્લામાં બદલી પામીને આવ્યા બાદ લીવ રિઝર્વમાં રહેલા અધિકારીઓને હવે મહત્વના પોલીસ મથકોની જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં બી. પી. પટેલ (યાત્રાધામ ડાકોર), એ. જી. રાઠોડ (મહેમદાવાદ), પી. એ. જાદવ (મહુધા), એમ. આર. બારોટ (નડિયાદ રૂરલ), એમ. જે. બારોટ (એલઆઈબી શાખા), એ.આર. ઝાલા (સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન) ની આંતરિક અદલાબદલી અને અન્ય ફેરફાર વહીવટી સરળતા માટે કરાયેલા આ ફેરફારમાં કેટલાક કાર્યરત અધિકારીઓની પણ આંતરિક બદલી કરવામાં આવી છે.

કપડવંજ ટાઉનના જે. ડી. દેવડાને માતર, મહેમદાવાદથી આર. આઈ. સોલંકીને કપડવંજ ટાઉન, મહુધાના આર. કે. ગોહીલને કઠલાલ અને ચકલાસીના એસ. કે. કાંબડને સેવાલીયા ખાતે મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત નડિયાદ રૂરલના જે. એચ. વાઘેલાને વડતાલ ખાતે બદલવામાં આવ્યા છે.

ખેડા જિલ્લા પોલીસ અધિક્ષકના હુકમ મુજબ, બદલી પામેલા તમામ અધિકારીઓએ પોતાની જૂની જગ્યાએથી તાત્કાલિક અસરથી છૂટા થઈ નવી નિમણૂક વાળી જગ્યાએ ચાર્જ સંભાળી લેવા અને તેનો રિપોર્ટ કચેરીએ મોકલી આપવા તાકીદ કરવામાં આવી છે. આ સાથે જ ડી. ડી. શીમ્પીને લીવ રિઝર્વમાંથી એસ.ઓ.જી. (SOG) શાખામાં હંગામી ધોરણે મૂકવાનો નિર્ણય લેવાયો છે.

---

## નડિયાદ :મિનીટ્રકમાં આગ લાગતા ઘઉંનો જથ્થો ખાખ

**એક્સપ્રેસ** હાઈવે પર મિનીટ્રકમાં લાગેલી આગમાં ટાયર ફાટતા અફડા તફડી મચી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.4

નડિયાદ પાસે અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર મોડી રાત્રિના સમયે એક ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. અમદાવાદથી સુરત તરફ ઘઉંનો જથ્થો ભરીને જઈ રહેલા એક આઈસર ટેમ્પોમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા હાઈવે પર ભયનો માહોલ ફેલાયો હતો.

અમદાવાદથી ઘઉંની ગુણીઓ ભરીને એક આઈસર ટેમ્પો સુરત જવા રવાના થયો હતો. નડિયાદ પાસેથી પસાર થતી વખતે અચાનક ટેમ્પોનું ટાયર ફાટતા ચાલકે વાહનને હાઈવેની સાઈડમાં સુરક્ષિત રીતે ઊભું કરી દીધું હતું. જોકે, વાહન ઊભું રાખ્યાની ગણતરીની ક્ષણોમાં જ પાછળના ભાગેથી ધુમાડા નીકળવા લાગ્યા હતા અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ઘઉંનો જથ્થો હોવાને કારણે આગ ઝડપથી આખા વાહનમાં પ્રસરી ગઈ હતી.

આ ઘટના અંગે જાણ થતા જ નડિયાદ ફાયર વિભાગની ટીમ વોટર ફાઈટર સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ભારે જહેમત બાદ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. પ્રાથમિક અનુમાન મુજબ, ટાયર ફાટવાને કારણે થયેલા ઘર્ષણ અથવા ટેકનિકલ ખામીથી થયેલા સ્પાર્કને લીધે આ આગ લાગી હોવાનું મનાય છે.

### અંબાવ ગામમાં તારની ફેન્સિંગ હોવા છતાં ઉદ્ધતાઈ કરતાં 14 સામે ફરિયાદ

# સેવાલિયાના અંબાવ ગામમાં ખેતરમાં ભેલાણ કરતાં ખેડૂતને લાખોનુ નુકશાન

**ખેડૂતનો** તૈયાર પાક પશુઓએ રગદોળી નાખતા પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.4

સેવાલિયા પોલીસ મથકની હદમાં આવતા અંબાવ ગામની સીમમાં માનવતા નેવે મૂકીને 14 જેટલા શખ્સોએ ટામેટીના વાવેતરમાં ગાયો અને બકરા ઘુસાડી દેતા ખેડૂતને લાખોનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ખેતરની ફરતે લોખંડના તારની ફેન્સિંગ હોવા છતાં પશુપાલકોએ જાણીબુઝીને પશુઓ અંદર ઉતાર્યા હતા, જેના કારણે અંદાજે 4 લાખ રૂપિયાનો પાક નાશ પામ્યો છે.

મળતી માહિતી મુજબ, ઠાસરા તાલુકાના અગરવા ગામે રહેતા લક્ષ્મણભાઈ મગનભાઈ તળપદાએ અંબાવની સીમમાં હર્ષદભાઈ પટેલની 16 વીઘા જમીન ભાગે રાખી ટામેટીનું વાવેતર કર્યું હતું. શુક્રવારે બપોરે 12 વાગ્યાના સુમારે જ્યારે ખેડૂત કોઈ સામાજિક પ્રસંગમાં વ્યસ્ત હતા, ત્યારે ડાભસર ગામના પશુપાલકોએ એકસંપ થઈને ખેતરમાં પશુઓ ઘુસાડી દીધા હતા. ખેડૂત અને જમીન માલિકે પશુઓને બહાર કાઢવા સમજાવ્યા હોવા છતાં આ શખ્સોએ મચક આપી ન હતી અને ભેલાણ ચાલુ રાખ્યું હતું.

આ ઘટનામાં તૈયાર થયેલો ટામેટાનો પાક સંપૂર્ણ નાશ પામતા ખેડૂતને આશરે 4 લાખનું આર્થિક નુકસાન થયું છે. આ મામલે ખેડૂતે સેવાલિયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે બી.એન.એસ. અને પંચાયત એક્ટની વિવિધ કલમો હેઠળ ડાભસર ગામના 14 શખ્સો વિરુદ્ધ નામજોગ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ડાભસર ગામના 14 ઈસમો સામે ફરિયાદ

પોલીસે ડાભસર ગામના ભરત દેવાભાઈ, રાજુ નાગજીભાઈ, ભાવેશ મંગળભાઈ, ગગુ ગંગરામભાઈ, નાગજી નાથાભાઈ, નવઘણ જાદવભાઈ, લાખા ટીનાભાઈ, ગોકળ આદાભાઈ, ગોપાલ મુન્નાભાઈ, પોપટ પુનમભાઈ, રાજેશ જેણાભાઈ, રાજુ આલાભાઈ, વિપુલ ઘનાભાઈ અને બચુ મફાભાઈ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે

## આમસરણ ફાઈરીંગ રેન્જમાં 500 મીટર સુધી પ્રતિબંધ

**વિવિધ શૂટિંગ** સ્પર્ધાઓ દરમિયાન જનહાનિ ટાળવા અધિક જાહેરનામું

(પ્રતિનિધિ) મહેમદાવાદ તા.4

મહેમદાવાદ તાલુકાના આમસરણ ખાતે આવેલી 'આમસરણ રાઈફલ એડવેન્ચર એકેડેમી' ખાતે વર્ષ દરમિયાન યોજાતી વિવિધ શૂટિંગ સ્પર્ધાઓ અને પ્રેક્ટિસ દરમિયાન સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી વહીવટી તંત્ર દ્વારા પ્રતિબંધાત્મક આદેશો જારી કરવામાં આવ્યા છે.

ખેડા જિલ્લા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ જે.બી. દેસાઈ દ્વારા સત્તાની રૂએ એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ હુકમ મુજબ, આમસરણ ફાઈરીંગ રેન્જના ફાઈરીંગ બટની 500 મીટરની ત્રિજ્યામાં આગામી 30મી ઓક્ટોબર, 2026 સુધી કોઈપણ વ્યક્તિ કે પશુઓની અવર-જવર પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

આ ફાઈરીંગ રેન્જ પર ખેડા અને અમદાવાદ ડિસ્ટ્રિક્ટ શૂટિંગ ચેમ્પિયનશીપ, ગુજરાત સ્ટેટ શૂટિંગ ચેમ્પિયનશીપ તથા રાજ્ય સરકારના ખેલમહાકુંભ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાયું છે. ફાઈરીંગ પ્રેક્ટિસ દરમિયાન કોઈ જનહાનિ ન થાય અને સુરક્ષા જળવાય તે માટે આ સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે. જાહેર જનતાએ આ સમયગાળા દરમિયાન પરવાનગી વગર ફાઈરીંગ રેન્જમાં પ્રવેશ કરવો નહીં તેમજ પોતાના પશુઓને પણ આ સ્થળથી દૂર રાખવા તાકીદ કરાઈ છે.

---

# રાજ્યની પ્રથમ સોલાર સંચાલિત સંપૂર્ણ એસી સરકારી સ્કૂલ

**ચકલાસીની** સરકારી શાળા જ્યાં પ્રવેશ માટે લાગે છે વેટિંગ લિસ્ટ!

(પ્રતિનિધિ) નડિયાદ તા.3

ઉનાળાની આકરી ગરમીમાં જ્યાં લોકો બહાર નીકળવાનું ટાળે છે, ત્યાં નડિયાદ તાલુકાના ચકલાસી ગામના બાળકો શાળાએ જવા માટે ભારે ઉત્સુક જોવા મળે છે. આ કોઈ ખાનગી લક્ઝુરિયસ સ્કૂલ નથી, પરંતુ રાજ્યની પ્રથમ સોલાર સંચાલિત એસી સરકારી શાળા છે, જેનું નામ પીએમશ્રી





બ્રાન્ચ શાળા ચકલાસી છે.

આ શાળાનું હૃદય તેની 25 કિલોવોટની સોલાર સિસ્ટમ છે. સરકારની સહાય અને દાતાઓના સહયોગથી બનેલી આ સિસ્ટમને કારણે શાળાના તમામ 15 ક્લાસમાં એસી ચાલુ હોવા છતાં વીજળીનું બિલ 'ઝીરો' આવે છે. આશ્ચર્યની વાત તો એ છે કે, વીજળી બચતને કારણે અત્યારે વીજ કંપનીમાં શાળાના 25 હજાર રૂપિયાથી પણ વધુ રકમ જમા છે. શાળામાં સીસીટીવી કેમેરા, સ્માર્ટ ટીવી, બ્રોડબેન્ડ વાઈફાઈ, ઓટોમેટિક બેલ અને રમતગમતના સાધનો જેવી તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે.

શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો અને વાલીઓ પણ શાળાની કામગીરીથી ગર્વ અનુભવે છે. જિલ્લા શિક્ષણ અધિકારી ડો. પરેશભાઈ વાઘેલાના જણાવ્યા અનુસાર, જિલ્લાની 38 પીએમશ્રી શાળાઓમાં ચકલાસીની આ શાળા તેની ઉત્તમ સુવિધાઓ અને શિક્ષણને કારણે પ્રથમ પસંદગી પામી છે.

### ખાનગી શાળાઓ છોડી બાળકો અહીં આવે છે

ચકલાસીની પીએમશ્રી બ્રાન્ચ શાળાની ગુણવત્તા એટલી ઉંચી છે કે છેલ્લા પાંચ વર્ષમાં આશરે 50થી વધુ બાળકો ખાનગી શાળાઓ છોડીને અહીં પ્રવેશ મેળવ્યો છે. શાળાના આચાર્ય પ્રતિકભાઈ પટેલના જણાવ્યા મુજબ, અગાઉ વિદ્યાર્થીઓની સંખ્યા 340 હતી જે વધીને 418 થઈ છે અને હજુ પણ 35 જેટલા બાળકો વેટિંગ લિસ્ટમાં છે.

### વિશેષ આકર્ષણ: 'બોલતી દિવાલો'

શાળાના તમામ 15 વર્ગખંડોની દિવાલો પર વિવિધ વિષયોનું એવું સુંદર પેઇન્ટિંગ કરવામાં આવ્યું છે કે જે બાળકોને રમત-રમતમાં જ્ઞાન પીરસે છે. વિદ્યાર્થીની કુંજન વાઘેલા જણાવે છે કે દિવાલો પરના ચિત્રો વારંવાર નજર સમક્ષ આવતા વિષયો મગજમાં સરળતાથી ગોઠવાઈ જાય છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
મો. 99250 30225, મો. 99255 50225